GJBK010007762026

## આંક–૧ નીચે હુકમ

(૧) સાંભળ્યા, અરજી તથા સામેલ દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારોના હાલની અરજી કરી, આ કામે અરજદારોના નામે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા,દાંતા શાખામાં ફીકસ ડીપોઝીટો તરીકે જમા નાણાં અરજદારોને ચેકવી આપવા બેંકને હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) અરજદારોની ઉપરોકત રજુઆત ધ્યાનમાં લેતાં તથા આ કામે અરજદારોની અરજી વંચાણે લેતાં, એમ.એ.સી.પી. નં.૨૭૫/૨૦૨૧ના કામે લોક અદાલતમાં સમાધાન થતાં હુકમ અન્વયેના હુકમનામા મુજબ સામાવાળાએ રકમ જમા કરાવેલ, જે રકમ ઉપાડવા અરજદારે અરજી દાખલ કરેલ અને તેના હુકમ તથા હુકમ મુજબના પેમેન્ટ હુકમ મુજબ અરજદારોના નામે પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે. હાલમાં અરજદારોને સગીર અરજદારોના પાલનપોષણ માટે તથા જુનું મકાન તોડી નવિન મકાન બનાવવા માટે નાણાંની જરૂરીયાત ઉદભવેલ હોઇ અરજદારોના નામે કરાવેલ ફીકસ ડીપોઝીટ તોડી રકમ આપવાની માંગણી કરેલ છે.

(૪) આ કામે અરજદારોની અરજી તળેનો રજીસ્ટ્રીનો સદરહું એમ.એ.સી.પી. સામે કોઇ અપીલ થયેલ ન હોવાનો શેરો વંચાણે લીધો. સામાવાળા તરફે આ કામે વાંધો ન હોવાનો શેરો અરજદારોની અરજી ઉપર કરેલ છે જે વંચાણે લીધો. અરજદારોના નામે જે એફ.ડી. ના નાણાં મુકેલ છે તે તેઓના લાભાર્થે મુકેલ છે. સદરહું કામ લોક અદાલતમાં સમાધાન થયેલ છે. હાલમાં અરજદારોને પાલનપોષણ માટે તથા જુનું મકાન

તોડી નવિન મકાન માટે ફીકસ ડીપોઝીટ તોડી નાણાં આપવા રજુઆત કરેલ છે. આ કામે સગીર અરજદારોના નામે જે ફીકસ ડીપોઝીટો છે તેના નાણાં તેઓના ભરણપોષણ તથા તેઓના હીતમાં વાપરવાની શરતે તથા અરજદારોની રજુઆત ધ્યાને લેતાં અરજદારને એફ.ડી. ની પુરેપુરી રકમ આપવી યોગ્ય જણાતી હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારોની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર નં.૧–લાધાભાઇ ભુરાભાઇ ગમાર,અરજદાર નં.૨–અણદુબેન લાધાભાઇ ગમાર, અરજદાર નં.૩–પજલીબેન શ્રવણભાઇ ગમાર, અરજદાર નં.૪–જીજ્ઞેશભાઇ શ્રવણભાઇ ગમાર, અરજદાર નં.૫–ગમાર વિનોદભાઇ શરવણભાઇ, અરજદાર નં.૬–રવિભાઇ શરવણભાઇ ગમાર, અરજદાર નં.૭–ગમાર સવિતાબેન શરવણભાઇ તથા અરજદાર નં.૮–અંજલીબેન શ્રવણભાઇ ગમાર, તમામ રહે.ગણેર, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠાવાળાના નામે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, દાંતા શાખામાં એમ.એ.સી.પી. નં.૨૭૫/૨૦૨૧ ના કામે કરાવેલ ફીકસ ડીપોઝીટ રસીદો જેની અનુક્રમે રકમ રૂ.1,17,478/–, રૂ.1,17,478/–, રૂ.1,17,478/–, રૂ.2,34,956/–, રૂ.2,34,956/–, રૂ.2,34,956/–, રૂ.2,34,956/– તથા રૂ.2,34,956/– છે તે એફ.ડી.આર. તોડી વ્યાજ સહીતની રકમ અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સગીર અરજદાર નં.૪ થી ૮ ના નામે જે ફીકસ ડીપોઝીટ તોડી જે નાણાં મળે તે તેઓના હીત અને તેઓના ભરણપોષણમાં વાપરવાના રહેશે.

૪. હુકમ મુજબ બેંકને ચાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર

તા.૧૦/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઇ પટેલ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા–પાલનપુર
જી.જે.૦૦૮૦૩